।। શ્રી મહાવીરાય નમઃ।।

# શ્રી ગ્રેટર બોમ્બે વર્ધમાન સ્થાનકવાસી જૈન મહાસંઘ

સંચાલિત

# માતુશ્રી મણિબેન મણશી ભીમશી છાડવા ધાર્મિક શિક્ષણ બોર્ડ

**Website :** www.jainshikshan.org **E mail :** jainshikshanboard@gmail.com


**૯ જાન્યુઆરી ૨૦૨૨ – મહિલા મંડળ** **શ્રેણી – ૧૮** **કુલ ગુણ : ૧૦૦**

(૧૫)

**પ્ર.૧ (અ) નીચેના શબ્દોના અર્થ લખો.** **(૩)**

૧. સામાઈયં ૨. મિચ્છાએ ૩. પડિલાભેમાણે ૪. પર–પરિવાદ ૫. અનિયાણો ૬. મોહરિએ

**(બ) નીચેના શબ્દોનું માગધી લખીને ને તે કયા પાઠમાં આવે છે?** **(૫)**

૧. પ્રવચન ૨. રૌદ્રધ્યાન કરવાથી ૩. વધારે સૂતા રહેવાથી ૪. કમળ સમાન ૫. એવું પણ

**(ક) માત્ર સંખ્યા લખો.** **(૩)**

૧. સમકિતના અતિચાર ૨. લક્ષણ ૩. તપ ૪. પાઢિયારી ૫. અશુભ લેશ્યા ૬. શ્રાવકના મનોરથ

**(ડ) પાઠ પૂર્તિ કરો.** **(૪)**

૧. મે મિ ...... ખમણિજ્જો ૨. વત્થ ...... પીઢ

(૫)

**પ્ર.૨ આચારાંગ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. ભગવાન કેટલા દિવસનું તપ કરતા હતા? પારણામાં કેવો અને શેનો આહાર કરતા હતા? (૨)

૨. ભગવાન પોતાની ઈન્દ્રિયોને કેવી રીતે ગુપ્ત રાખતા હતા? (૧.૫×૨)

૩. ભગવાન નિરોગી હોવા છતા શું કરતા હતા? તેઓ શરીરના સંસ્કાર શા માટે કરતા ન હતા?

(૧૦)

**પ્ર.૩ ઠાણાંગ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. દીર્ઘ આયુષ્યકર્મ બંધના કારણો લખો. ૨. વિસ્સસા પરિણત અને પર્યાય સ્થવિર એટલે શું?

૩. સાધુના ત્રણ મનોરથ કયા છે? ૪. શૈક્ષભૂમિ એટલે શું? કઈ કઈ?

૫. દેવો કેટલા પ્રકારે પશ્ચાતાપ કરે છે? પહેલો પ્રકાર લખો.

(૧૦)

**પ્ર.૪ જ્ઞાતાધર્મકથા સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. માલુકાકચ્છનું વર્ણન કરો.

૨. સાધુ–સાધ્વી અનંત સંસાર પાર કેવી રીતે કરે છે અને સંસારની વૃદ્ધિ કેવી રીતે કરે છે?

૩. બાળકના જન્મ પછી માતા–પિતાએ શું કર્યું? તેનું નામ દેવદત્ત શા માટે રાખવામાં આવ્યું?

૪. સુબુદ્ધિ પ્રધાને દીક્ષા લીધા પછી શું કર્યું?

૫. જિતશત્રુ રાજાએ આહારની પ્રશંસા કરતા શું કહ્યું?

(૧૫)

**પ્ર.૫ (અ) ઉપાસકદશાંગ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.** **(૧૦)**

૧. દેવ રૂપી સાપનું વર્ણન કરો. ૨. ભગવાન મહાવીર સ્વામીએ સાધુ–સાધ્વીઓને શું કહ્યું?

૩. શક્રેન્દ્ર કેટલા દેવો વચ્ચે કયા બેઠા હતા? ૪. હાથીને કયા અંગો હતા? તેની ગતિ કેવી હતી?

૫. પિશાચ રૂપી દેવે કામદેવ શ્રાવકને કેવી વેદના આપી? કામદેવ શ્રાવકે શું કર્યું?

(બ) અંતગડ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૫)

૧. અનીકસેનનું પાલન કેટલી ધાવમાતાઓએ કર્યું? કઈ કઈ? (૨×૨)

૨. અનીકસેનની પત્નીઓના ગુણોનું વર્ણન કરો.

૩. અનીકસેન કુમાર કઈ નગરીમાં રહેતા હતા? ત્યાંના રાજાનું નામ શું હતું? (૧)

(૫)

**પ્ર.૬ અનુત્તરોવવાઈ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. ધન્ના અણગારની આંગળીઓ તપથી કેવી થઈ ગઈ હતી? (૨×૨)

૨. ધન્ના અણગારે ધર્મ જાગરણ કરતા શું વિચાર કર્યો?

૩. કાકંદી નગરીનું વર્ણન કરો. (૧)

(૧૫)

**પ્ર.૭ દશવૈકાલિક સૂત્રના આધારે જવાબ લખો.**

(અ) નીચેની ગાથાઓ પૂર્ણ કરો. (૪)

૧. અગ્ગબીયા ...... સંમુચ્છિમા ૨. સે સિએણ વા ...... સાહાએ

૩. ત્રસ પ્રાણી હાથ પર ચડી જાય તો શું કરવું જોઇએ? અર્થ સાથે મૂળપાઠ લખો. (૫)

(બ) નીચેના શબ્દોના અર્થ લખો. (૩)

૧. નિવ્વાવિજ્જા ૨. સિલાગહત્થેણ ૩. સંકુચિયં ૪. પુઢોસત્તા ૫. વઈજ્જા ૬. અહાવરે

(ક) નીચેના શબ્દોનું માગધી લખો. (૩)

૧. ગ્રહણ કરતા ૨. વૃક્ષની કપાયેલી ડાળી પર ૩. નિશ્ચયથી

(૧૦)

**પ્ર.૮ ભગવતી સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. સંસાર સંસ્થાન કાળ એટલે શું? દેવનો સંસાર સંસ્થાન કાળ કેટલા પ્રકારનો છે? અલ્પબહુત્વ લખો. શૂન્યકાળ કોને કહેવાય? (૬)

૨. મોક્ષમાં ચારિત્ર હોય? શા માટે? મોક્ષમાં શું લઈને જવાય? (૩)

૩. ઈહભવિક એટલે શું? જ્ઞાન તદુભયિક છે? (૧)

(૧૦)

**પ્ર.૯ પન્નવણા સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. ૨૫૬ રાશિમાં ૭ થી ૧૦ બોલનો અલ્પ બહુત્વ લખો.

૨. અપર્યાપ્તા અને પર્યાપ્ત જીવોના ઢગલા કેટલા? કોણ વધારે કોણ ઓછા? તેનો અલ્પ બહુત્વ લખો.

૩. તીર્થદ્વારમાં રહેલા જીવોમાં ઉત્કૃષ્ટ કેટલા સિદ્ધ થાય?

૪. જે ક્ષેત્રમાં ૧૦૮ સિદ્ધ થાય તો નિરંતર કેટલા સમય સુધી સિદ્ધ થાય? પછી શું થાય અન ત્યાં જઘન્ય અને ઉત્કૃષ્ટ કેટલા સિદ્ધ થાય?

૫. ૩૩ બોલમાંથી મનુષ્યાણી, જ્યોતિષી દેવી, તિર્યંચણી અને પહેલા દેવલોકની દેવીનો અલ્પબહુત્વ લખો.

(૫)

**પ્ર.૧૦ આગમ પરંપરાના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. સમવાયાંગ સૂત્ર અંગ છે કે ઉપાંગ છે? આ સૂત્રના કેટલા વિભાગો છે? ૧૪ મા અને ૨૬ મા સમવાયમાં શેનું વર્ણન છે? (૨)

૨. રાયપસેણીય સૂત્રમાં કેટલા અને કયા કયા અધિકાર છે? (૧.૫×૨)

૩. કેશી સ્વામી સાથે ચર્ચા કરીને પરદેશી રાજા કેવા બન્યા?

**જય – જિનેન્દ્ર**